eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 285
August 19, 2011

## માહે જુલાઈ ૨૦૧૧-૧૨ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં જુલાઈ માસ દરમ્યાન ૪૩૫૮ ઈન્ડોર તથા ૩૯૦૩૮ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૨૧૧૭ તથા ૫૨૯ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા સ્વાતંત્ર્યદિનની ઉત્સાહભેર ઉજવણી



સુરત મહાનગરપાલિકા ધ્વારા કતારગામ ઝોન ખાતે ડો. શ્યામાપ્રસાદ મુખરજી ગાર્ડનની બાજુના પ્લોટમાં, કાંસાનગર ખાતે ૧૫ મી ઓગષ્ટની ઉત્સાહભેર ઉજવણી રીમઝીમ વરસાદી વાતાવરણ વચ્ચે મા. મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ (રાજુ દેસાઈ) ના વરદ્‌હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવી કરવામાં આવી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## આગમી તા.૨૮-૦૮-૨૦૧૧ ને રવિવારનાં દિવસે મ્યુનિસીપલ કોર્ટમાં "લોક અદાલત"

સુરત શહેરનાં નાગરિકો ધ્વારા વિવિધ પ્રકારે કરવામાં આવતા ન્યુસન્સ બદલ, સુરત મહાનગરપાલિકા તરફથી ઘી બી. પી. એમ. સી. એકટ તથા શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ હેઠળ કરવામાં આવેલ કેસોનાં નિકાલ અર્થે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સ્થિત આર્ટ ગેલેરી ખાતે ચલણી સિકકાઓ અને ચલણી નોટોનું પ્રદર્શન

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સ્થિત આર્ટ ગેલેરી ખાતે ચલણી સિકકાઓ અને ચલણી નોટોના પ્રદર્શનનું તા. ૧૭/૦૮/૧૧ થી તા. ૨૮/૦૮/૧૧ સુધી આયોજન કરવામાં આવ્યું છે. જે પ્રદર્શનનું ઉદ્‌ઘાટન આજરોજ તા. ૧૭/૦૮/૧૧ ના રોજ મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા ૬૨ માં વન મહોત્સવ નિમિત્તે કતારગામ ઝોન વિસ્તારમાં તા. ૧૮/૦૮/૨૦૧૧, ગુરૂવારના રોજ શાંતિવન બાગની લોકાર્પણવિધિ તથા વૃક્ષારોપણનો કાર્યક્રમ



સુરત મહાનગરપાલિકા દ્વારા ૬૨ માં વન મહોત્સવ નિમિત્તે કતારગામ ઝોન વિસ્તારમાં તા. ૧૮/૦૮/૨૦૧૧, ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ટી.પી.સ્કીમ નં.૩૫(કતારગામ) ગોવિંદનગર સોસાયટી, ડભોલી ચાર રસ્તા પાસે શાંતિવન બાગની લોકાર્પણવિધિ તથા વૃક્ષારોપણનો કાર્યક્રમ મા.મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ(રાજુ દેસાઈ)ના વરદ્ હસ્તે કરવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે જુલાઈ ૨૦૧૧–૧૨ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમાં જુલાઈ માસ દરમ્યાન ૪૩૫૮ ઈન્ડોર તથા ૩૯૦૩૮ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૨૧૧૭ તથા ૫૨૯ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૭૩૦૧ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી. બી. ના નવા ૪૨૩ અને જુના ૧૧૮૦ દર્દીઓ સહીત કુલ ૧૬૦૩ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૫૩૯ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૪૬૨ તથા આંખ વિભાગમાં ૨૦૦૦ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૪૮૨૪ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકો આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

# સુરત મહાનગરપાલિકા ધ્વારા સ્વાતંત્ર્યદિનની ઉત્સાહભેર ઉજવણી



સુરત મહાનગરપાલિકા ધ્વારા કતારગામ ઝોન ખાતે ડો. શ્યામાપ્રસાદ મુખરજી ગાર્ડનની બાજુના પ્લોટમાં, કાંસાનગર ખાતે ૧૫ મી ઓગષ્ટની ઉત્સાહભેર ઉજવણી રીમઝીમ વરસાદી વાતાવરણ વચ્ચે મા. મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ (રાજુ દેસાઈ) ના વરદ્હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવી કરવામાં આવી હતી.

મા. મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈએ સ્વાતંત્ર્યય પર્વની ઉજવણી પ્રસંગે ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે સુરત શહેર અને સમગ્ર ગુજરાત રાજય પુરપાટ પ્રગતિની હરળફાળ ભરી રહયા છે. એક તરફ વિકાસની વણથંભી આગેકુચ છે અને વિતેલા વર્ષોમાં સુરતે વિશ્વના સૌથી ઝડપી વિકસી રહેલા શહેરોમાં ચતુર્થ ક્રમ પ્રાપ્ત કર્યો છે. તદઉપરાંત બેસ્ટ પરફોમન્સ ઈનોવેશન કેટેગરી અંતર્ગત તા. ૮/૭/૨૦૧૧ ના રોજ સુરત મહાનગર–પાલિકાને ઓલ ઈન્ડિયા લોકલ સેલ્ફ ગર્વમેન્ટ નગરરત્ન એવોર્ડ મળ્યો છે. જાન્યુઆરી–૨૦૧૧ માં પણ મહાનગરપાલિકાને એકસેલન્સ ઈન ફાયનાન્સીયલ રીપોર્ટીગ માટે પ્રતિષ્ઠિત એવો એવોર્ડ ''પ્લે કયુ'' એવોર્ડ પણ મળ્યો છે. વિત્યા જમાનાની સુર્યનગરી, ડાયમંડ નગરી એવા સુરતની આ તાસીર છે. ચારસો વર્ષ પહેલાં પ્રથમવાર કોઠી નાંખવા ભારતભરમાંથી સુરતને પસંદ કરેલ. કારણ કે સુરત જાહોજહાલીનું પર્યાય હતું. આજે આપણે ફરીથી એવી જ ભવ્ય જાહોજહાલી પામવાની દિશામાં આગેકુચ કરી રહયા છે. વિતેલા બે દાયકામાં સુરત વસ્તી અને વિસ્તારની દષ્ટિએ ૧૦ ગણું ફુલ્યું ફાલ્યું છે. ગઈકાલની ટેક્ષટાઈલ નગરી સુરત આવનારા વર્ષોમાં શિક્ષણ, અર્બનાઈઝેશન, સોલાર એનર્જી તથા અનેક બીઝનેસનું હબ બની રહે તો નવાઈ નહી. સુરતની આ બે મિશાલ હરળફાળનો જશ આ સુરતીજનોને આપું છું. જે માટે મા. મુખ્યમંત્રીશ્રીએ આપણને બિરદાવ્યા છે. પરંતુ આપણી આ વિજયયાત્રામાં અનેક અવરોધો આવશે. વિસ્તૃત એક કનેકટીવીટીનો અભાવ આપણી આગેકૂચનો પ્રથમ અવરોધ છે. કેન્દ્રના ઉડ્ડયન મંત્રાલયને પણ આપણે એક અવાજે કહેવું પડશે કે સુરતને પુર્ણ કક્ષાની એરકનેકટીવટીથી ઓછું કશું ખપતું નથી. અને સુરતની પ્રજા કોઈ પણ ભોગે લઈને જંપશે. એટલું જ નહી સુરતને એરકાર્ગો તથા ઈન્ટરનેશનલ એરપોર્ટની સુવિધા પણ મળવી જોઈએ. ટુંક સમયમાં જ મેટ્રો સીટીની ઓળખ મેળવી લેવા આપણે તૈયાર રહેવું પડશે. રાષ્ટ્રના સ્વાતંત્ર્યય પર્વ નિમિત્તે ભારતના ઘડવૈયાઓને અજંલી આપું છું અને તેમની શહાદત એળે ન જાય તે માટે પ્રતિબધ્ધ તેમજ સાવચેત રહેવાની તમામ સુરતીજનો વતી ખાત્રી આપું છું. વિશ્વમાં ભારતે ભારતમાં ગુજરાતે તથા ગુજરાતમાં સુરતે જે શ્રેષ્ઠ વિકસી રહેલા પ્રદેશોમાં ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે તેને જાળવી રાખવા તેનું આપણે સૌએ યથાશકિત ભોગ આપીશું તો જ સ્વાભિમાનથી બોલી શકીશું ''જય સુરત,જય ભારત. જય જય ગરવી ગુજરાત''.

**Continue …**



ત્યારબાદ મા.મેયરશ્રી રાજેન્દ્ર એ. દેસાઈના ઉદબોધન બાદ વિદ્યાર્થીઓ ધ્વારા બલૂન ઉડાડવામાં આવ્યા હતા. તથા આ પ્રસંગે વિશિષ્ટ અને પ્રશંસનીય કામગીરી કરનાર વરાછા ઝોન–ફાયર વિભાગના કર્મચારીઓને પ્રસંશનીય કામગીરી બદલ શિલ્ડ તથા પ્રસંશાપત્ર મા.મેયરશ્રી રાજેન્દ્ર એ. દેસાઈના વરદહસ્તે એનાયત કરવામાં આવ્યા હતા. વધુમાં એલ.એસ.જી.ડી. પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને સૌથી વધુ પ્રથમ તથા દ્વિતીય તથા એમ.બી.બી.એસ. વિદ્યાર્થીઓ તથા અમદાવાદ ખાતે રમાયેલ ઓલ ગુજરાત ઈન્ટરકોર્પોરેશન ક્રિકેટ ટુનામેન્ટમાં સુરત મહાનગરપાલિકાની મેયર ઈલેવન ટીમ ચેમ્પીયન થવા બદલ સ્મૃતિભેટ એનાયત કરી સન્માન કરવામાં આવ્યું હતું. મહાનગરપાલિકાના અધિકારીઓ/કર્મચારીઓના બાળકોને ધોરણ ૧૦ અને ૧૨ માં સૌથી વધુ ગુણ મેળવવા બદલ રોકડ ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કલાશ્રી સંસ્થાની બાળાઓ ધ્વારા પ્રાર્થના રજુ કરવામાં આવી હતી. વી.એન.ગોધાણી હાઈસ્કુલ, અંબાબા ગર્લ્સ હાઈસ્કુલ,સ્વામિનારાયણ ગુરૂકુળ વિદ્યાલય, સુમન હાઈસ્કુલ તથા મહીધરપુરા પ્રા.શાળાના વિદ્યાર્થીઓએ દેશભકિત ગીત, લેસીંગ ડાન્સ તથા અવાર્ચીન ગરબાની સુંદર કૃતિઓ રજુ કરી હતી.

આ પ્રસંગે મા. ડે. મેયરશ્રી છાયાબેન ભુવા, સ્થાયી સમિતિના મા.અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, મા. ધારાસભ્યશ્રી નાનુભાઈ વાનાણી, મા. નેતાશ્રી શાસકપક્ષ શ્રી દયાશંકર સિંગ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, માજી. મેયરશ્રીઓ, અધિકારીશ્રીઓ/કર્મચારીગણ તથા વિશાળ સંખ્યામાં વિવિધ શાળાના બાળકો અને જાહેર જનતાએ ઉપસ્થિત રહી સમારંભને સફળ બનાવ્યો હતો.

**TOP**

## આગમી તા.૨૮–૦૮–૨૦૧૧ ને રવિવારનાં દિવસે મ્યુનિસીપલ કોર્ટમાં "લોક અદાલત"

સુરત શહેરનાં નાગરિકો ધ્વારા વિવિધ પ્રકારે કરવામાં આવતા ન્યુસન્સ બદલ, સુરત મહાનગરપાલિકા તરફથી ધી બી. પી. એમ. સી. એકટ તથા શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ હેઠળ કરવામાં આવેલ કેસોનાં નિકાલ અર્થે આગામી **તા. ૨૮–૦૮–૨૦૧૧ ને રવિવાર** નાં દિવસે મે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ફર્સ્ટ કલાસ(મ્યુનિ.)સાહેબની કોર્ટમાં "**લોક અદાલત**" નું આયોજન કરવામાં આવેલ છે, જેમાં આવા કેસો સમાધાનરૂપે ઓછા દંડથી નિકાલ કરવામાં આવનાર છે. જેથી આ લોક અદાલતનો મહત્તમ લાભ લેવા પક્ષકારોને અપીલ કરવામાં આવે છે.

TOP

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સ્થિત આર્ટ ગેલેરી ખાતે ચલણી સિકકાઓ અને ચલણી નોટોનું પ્રદર્શન



સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સ્થિત આર્ટ ગેલેરી ખાતે ચલણી સિકકાઓ અને ચલણી નોટોના પ્રદર્શનનું તા. ૧૭/૦૮/૧૧ થી તા. ૨૮/૦૮/૧૧ સુધી આયોજન કરવામાં આવ્યું છે. જે પ્રદર્શનનું ઉદ્‌ઘાટન આજરોજ તા. ૧૭/૦૮/૧૧ ના રોજ મા. મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મા. ડે. મેયર શ્રીમતી છાયાબેન ભુવા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સિંહ, મ્યુ. કમિશનરશ્રી એમ.કે.દાસ, સાંસ્કૃતિક સમિતિ ચેરમેન શ્રીમતી ગીતાબેન પટેલ, મ્યુ.સભ્યશ્રીઓ, એડવાઈઝર શ્રી વી. ડી. પટેલ, ડે. કમિશ્નરશ્રી પ્રદિપસિંહ ઝાલા, ડે. કમિશ્નરશ્રી સી. વાય. ભટ્ટ તથા મોટી સંખ્યામાં શહેરીજનો હાજર રહયા હતા.

વિશેષ ગણી શકાય તેવા આ પ્રદર્શનમાં ભારતીય ચલણી સિકકા અને ચલણી નોટનો ઈતિહાસ વિવિધ દેશોના સિકકા, એક રૂપિયાની નોટની ૧૯૪૭ માં જયારે પ્રથમ વખત પ્રસિધ્ધ થઈ ત્યારથી ઈ.સ.૧૯૯૪ માં બંધ થઈ ત્યાં સુધીની સંપૂર્ણ દુર્લભ નોટો, ખાસ(*) સ્ટાર સિરિઝની નોટ, પૂ. ગાંધીજીની આમુખવાળી નોટો, મહાન વિભૂતિઓની કાયમી યાદગારીરૂપે બહાર પાડવામાં આવેલ અલગ અલગ કિંમતના દુર્લભ સ્મારક સિકકાઓ જેવા કે, શ્રી રવિન્દ્રનાથ ટાગોર, (૧૫૦ રૂા.નો ચાંદીનો સિકકો) બ્રેઈલ લીપીના શોધક લુઈ બ્રેઈલની ૨૦૦મી જન્મ જયંતિ, વીર શહિદ ભગતસિંહના ૧૦૦ વર્ષ, ભારતીય પોસ્ટના ૧૫૦ વર્ષ, સ્વતંત્ર ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્ર પ્રસાદની ૧૨૫ મી જન્મજયંતિ, ડો. હોમીભાભાની જન્મ જયંતિના ૧૦૦ વર્ષ, ભારતીય સ્ટેટ બેંકના ૨૦૦ વર્ષ, દુરધ્વની સંચાર(ટેલી કોમ્યુનીકેશન)ના ૧૫૦ વર્ષ, ભારતીય રેલ્વેના ૧૫૦ વર્ષ વિગેરે તેમજ પ્રાઈડ ઓફ ઈન્ડિયાનું (ગોલ્ડ પ્લેટેડ) દુલર્ભ સ્ટેમ્પ કલેકશન, ભારતીય રૂપિયાના નવા પ્રતિકના નિર્માણની પ્રક્રિયા વિગેરે કલાકૃતિઓ અને માહિતી રજુ કરવામાં આવી છે. આ હંગામી પ્રદર્શનમાં શ્રી ધનપાલભાઈ વકીલ ધ્વારા દુલર્ભ સિકકા, શ્રી ગોવર્ધનભાઈ રેશમવાલા ધ્વારા દુલર્ભ સિકકા તેમજ અન સરકયુલેટેડ કોઈન્સ, શ્રી હિરેનભાઈ ઝવેરીની ૧ રૂા.ની ચલણી નોટો તથા શ્રી દર્શિત શાહનું ગોલ્ડ પ્લેટેડ સીલ્વર સ્ટેમ્પસ "પ્રાઈડ ઓફ ઈન્ડીયા"નું કલેકશન પ્રથમ વખત સુરત ખાતે પ્રદર્શિત કરવામાં આવેલ છે તેમજ સ.વ.પટેલ મ્યુઝિયમનું કલેકશન જેમાં ૧, ૨, ૩, ૫, ૧૦, ૨૦, ૨૫, ૫૦ પૈસા તેમજ ૧ રૂા.ના સિકકાઓ, ૧૯૭૨ માં બહાર પાડેલ પ્રુફસેટ તેમજ વિદેશીની ચલણી નોટો અને સિકકાઓ પ્રદર્શિત કરવામાં આવેલ છે.

સાયન્સ સેન્ટર સ્થિત આર્ટ ગેલેરી ખાતે સદરહુ પ્રદર્શન શાળા, કોલેજના વિદ્યાર્થીઓ તથા જાહેર જનતા માટે તા.૧૭–૮–૨૦૧૧ થી તા.૨૮–૮–૨૦૧૧ સુધી દરરોજ સવારે ૯.૩૦ થી સાંજે ૫.૦૦ કલાક સુધી વિનામુલ્યે નિહાળી શકશે.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા ૬૨ માં વન મહોત્સવ નિમિત્તે કતારગામ ઝોન વિસ્તારમાં તા. ૧૮/૦૮/૨૦૧૧, ગુરૂવારના રોજ શાંતિવન બાગની લોકાર્પણવિધિ તથા વૃક્ષારોપણનો કાર્યક્રમ





સુરત મહાનગરપાલિકા દ્વારા ૬૨ માં વન મહોત્સવ નિમિત્તે કતારગામ ઝોન વિસ્તારમાં તા. ૧૮/૦૮/૨૦૧૧, ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ટી. પી. સ્કીમ નં. ૩૫(કતારગામ) ગોવિંદનગર સોસાયટી, ડભોલી ચાર રસ્તા પાસે શાંતિવન બાગની લોકાર્પણવિધિ તથા વૃક્ષારોપણનો કાર્યક્રમ મા.મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ(રાજુ દેસાઈ)ના વરદ્ હસ્તે કરવામાં આવેલ. આ શાંતિવન બાગ કુલ રૂા.૩.૧૮ લાખના ખર્ચે તૈયાર થયેલ છે. આ બાગનું ક્ષેત્રફળ ૧૫૩૦.૦૦ ચો.મી. છે. આ બાગમાં વોક–વે અને ગઝેબોની સુવિધા છે. આ બાગ તૈયાર કરવાનો ઉદ્દેશ આસપાસના વિસ્તારના સીનીયર સીટીઝનોના વિરામ માટે તેમજ પર્યાવરણની જાળવણીનો છે. જેનો આ વિસ્તારની જનતા લાભ લઈ શકશે. આ ઉપરાંત વૃક્ષારોપણનો કાર્યક્રમ અંતર્ગત ઉપસ્થિત મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.



આ પ્રસંગે મા. ડે. મેયર શ્રીમતિ છાયાબેન ભુવા, મા. કમિશ્નરશ્રી એમ. કે. દાસ, મા. નેતાશ્રી શાસકપક્ષ શ્રી દયાશંકરસિંગ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, મ્યુ. અધિકારીશ્રીઓ, કર્મચારીગણ તેમજ જાહેર જનતાએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો.

TOP